# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૯ • તા.૨૦ થી ૨૬ ઓગસ્ટ ૨૦૨૨


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરા સંઘ દ્વારા ૨૪ તીર્થંકરોના માતાઓની વિશેષ ધાર્મિક આરાધના



## વડોદરાના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સુશ્રી પન્નાબેન મોમાયાએ શ્રી નમિનાથજીની માતાજીનું પાત્ર ભજવ્યું


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સુખની શોધ

સુખ એટલે શું? એની વ્યાખ્યા પ્રત્યેક વ્યક્તિના અલગ અલગ હોવાની. સૌની દ્રષ્ટિમાં સુખ એટલે શારીરિક સારું સ્વાસ્થ્ય, ભૌતિક સુખ સગવડ, ધનની રેલમછેલ. કૉક માટે સુખ એટલે રહેવા માટે પોતાનો આવગો બંગલો, તો કોઈક માટે સ્કાયસ્કેપર બિલ્ડીંગના ટોચને માળે ફ્લેટ હોવો, તો કોઈકને માટે જીંદગીભર ગુજારા માટે કાળી મજૂરી પછી પાછલી અવસ્થામાં નિરાંતનો માહોલ. આમ દરેકની દ્રષ્ટિએ સુખ પામવાની અલગ પરિસ્થિતિ અનેક કલ્પના હોવાની.

મહાનગરની ભાગ દોડ ભરી જિંદગીમાં સવારના વહેલી લોકલ ટ્રેન પકડી મોડી રાતે ઘેર પહોંચનારને ક્યારે નિરાંત માણવા મળે એ સુખની પળ પોતાની ક્યારે મળશે એની એષણા હતી. ત્યારે હાલમાં જ સમગ્ર દેશમાં કોરોનાના કેરમાં લોકલ ટ્રેન, બસ, રીક્ષા ઈવન બજાર, સ્કૂલ, મંદિર, મસ્જિદ બે અઢી માસ સુધી બંધ રખાયા. દેશના એક એક નાગરિકને આમ ઘરે રહેવાનો ચોવીસ કલાક ઘરમાં જ કેદ રહેવાનો માહોલ મળ્યો. ત્યારે શરૂઆતમાં સૌને નિરાંત આરામની પળો મળવાનું સુખ લાગ્યું. પણ પછી આ સુખનો સમય પણ આકરો પડવા લાગ્યો. આમ પહેલાં નિરાંત-આરામની પળો માણવા મળે તો સુખ લાગતું હતું. એ પછી સતત નવરાશની પળો મળી. પરિવાર સાથે ક્યારે ન રહેવા મળ્યું હોય એવો માહોલ મળ્યો ત્યારે આ સુખ આકરું લાગ્યું. સજા રૂપી થઈ ગયું. આમ આવી રીતે સુખની શબ્દાવલી પ્રત્યેક ઘડીએ સૌને માટે અલગ અલગ થવાની.

હકીકતે સમજીએ તો સવારના પહોરમાં સૂર્યના કિરણો અવની પર આવે ત્યારથી પ્રામાણિક રીતે વિચારીએતો દરરોજ આપણને કેટલાં બધાં નાના મોટા સુખ આપી દિવસ દરમ્યાન મળતાં રહે છે. અતિ મોટું જો સુખ હોય તો એ છે કે અનિત્ય સંસારમાં આપણને આજનો દિવસ જોવા મળ્યો અને જીવવા મળ્યો. પથારીમાંથી ઉઠ્યા બાદ આપણી મોટાભાગની જરૂરિયાતો વિના વિઘ્ને સંતોષતી રહી આ પણ એક જાતનું સુખ નથી શું? આપણે અન્યો પાસેથી સુખ મળે, સંતોષ મળે એ અપેક્ષા રહેવાની પણ આપણે પણ એમને સુખ આપવાનો છે એ ફરજ ભૂલી જતાં હોઈએ છીએ. મોટાભાગના લોકો આ ફરજ યાદ રાખતા નથી. આ માત્ર લેવાના અધિકારી થયા આપવાના નહીં એવું થયું.

આપણા પરિવારજનો પત્ની કે પુત્રી આપણને વગર માંગે જોઈતું આપે, ચા-નાસ્તો જમવાનું આપો આપ પીરસી દે ત્યારે ક્યારે એમને પણ અણધાર્યો આંચકો આપી તેમની ખિદમત કરીએ તો તેમને કેટલો આનંદ સુખ મળે? આ અવળી ગંગા જો વહે તો તેમના દિલમાં કેવો આનંદ પ્રસરે અને એમને આનંદિત જોઈને આપણને પણ સુખની પળો માણવા મળે. આમ આ ઘટના ભલે નાની લાગતી હોય પણ એની અસર અઢળક મળે. માત્ર પૈસા મળવો આનંદ નથી ભોગ, વિલાસએ પણ સુખ નથી. અન્યના ચહેરા પર આપણા કારણે મલકાટ જોવા મળે એ પણ એક જાતનું સુખ છે. એ ભાવના કેળવીએ તો પ્રત્યેક પળે આપણને સુખ મળતું રહેવાનું.

– જયજ્ઞાતિમૈયા

# સર્વજ્ઞાની હોવાનો અહમ્

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

આ જગતનો વ્યવહાર કૂતરાની પૂંછડી જેવું વાંકું છે. અનેક હજારો વર્ષોથી તેને સીધું કરવાનો યથોચિત પ્રયાસ કરે છે. છતાં તે વાંકુંને વાંકું છે. તેને સીધા કરવા પ્રયત્નો છોડીને આપણે પોતે સીધા થઈ જઈએ. ખરી રીતે જોઈએ તો આપણે જેવા હોઈશું. એવું જગત દેખાશે. દુનિયાને સુધારતા પહેલાં આપણે સુધરવું પડે. દરેક વ્યક્તિને એમ લાગે છે કે તેના જેવો કોઈ નથી. દરેકને એમ લાગે છે કે પોતે જે કરે છે એજ બરોબર છે. જેને લીધે બીજાઓને પોતાના બીબામાં ઢાળવાનો પ્રયાસ કરે છે. જેથી દરેક પોતાને અનુસરે, પોતાના જેવા બને. વિચાર વર્તન પોતાના જેવા અપનાવે. પિતા ઈચ્છે કે પુત્ર પોતાના જેવો થાય. ગુરૂ ઈચ્છે છે કે શિષ્યમાં પોતાના જેવા ગુણ આવે. માલિક ઈચ્છે કે નોકર પોતાનો કહ્યાગરો બને, પોતાના કહ્યામાં રહે. આપણું માને એ વ્યક્તિ આપણને ગમે. આપણને સારો લાગે, પ્રિય લાગે. આપણાથી વિપરીત કરે તે માણસ ખરાબ લાગે, આંખમાં કણાંની જેમ ખટકે.

જ્ઞાતિ સમાજ, કુટુંબ કે પરિવારમાં આપણે એક બીજાને સુધારવા પ્રયત્નશીલ રહીએ છીએ. પણ મૂળ એ વાત ભૂલી જઈએ છીએ કે જાતને સુધાર્યા વગર જગતને સુધારવાનું મુશ્કેલ છે. મૂળ વાત એ છે કે બીજાને સાચા રસ્તા પર લાવતાં પહેલા એ વિચાર કરીએ કે આપણે સાચા પણ છીએ કે કેમ? સૌ પ્રથમ આપણે આપણી ત્રુટીઓ અને નબળાઈઓ પર નજર કરવી જોઈએ. દરેક માણસમાં સારાં નરસાં શુભ અશુભ તત્વો થોડે ઘણે અંશે હોય છે. સારો અને ખરાબ એક સાથે બનવું મુશ્કેલ છે. સારું હશે તો ખરાબ ચાલ્યું જશે અને ખરાબ હશે તો સારું ચાલ્યું જશે.

કોઈના જીવનમાં વ્યવહારમાં કંઈ પ્રશ્ન ઊભો થાય તો લોકો જાતજાતની સલાહ આપશે. તમે તેની સલાહ ન માની અને કંઈ ઊંધું થયું તો જરૂર લોકો કહેશે જો મારી વાત ન માની તેનું આ પરિણામ છે. તેણે આપેલી સલાહ ન માનવાથી થયેલ પરિણામ માટે તેઓ ગર્વ લે છે કે જુઓ મારી વાત ન માનવાનું પરિણામ. સલાહ સૂચન આપવા બધાને ગમે છે પણ કોઈને લેવી ગમતી નથી. આપણી તકલીફ, દુઃખની સહેજે કોઈને જાણ થાય કે અનેક જણ ચિંતા કાળજી દાખવી સમીપ આવી જાય છે અને પોતાના મંતવ્ય આપવા જબાન ચલાવે છે પણ કોઈ એટલું નથી વિચારતું કે કોઈના સંકટ સમયમાં આપદાના વખતમાં સલાહ કરતાં સાથ કે સહવાસ અને સહાનુભૂતિ જરૂરી હોય છે.

આપણે સર્વજ્ઞાની, વધુ ડાહ્યા, અધિક અનુભવી એવો ખ્યાલ મનોમન ધરાવીએ છીએ. જે હકીકતમાં સ્વંય રીતે ફૂલાવેલો ફૂગ્ગો છે. એવો ખ્યાલ મનમાં રહેતો હોવાથી આપણે સાચો મારગ પામી શકતા નથી. આપણું જ્ઞાન આપણા પૂરતું રાખીએ કોઈની ઉપર ન થોપીએ તો પણ ઘણી મુશ્કેલીઓને ટાળી શકીએ છીએ. કેટલાય દુશ્મનોથી બચી શકીએ છીએ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરા સંઘમાં ધાર્મિક કાર્યક્રમમાં વડોદરાના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સુશ્રી પન્નાબેન મોમાયાએ શ્રી નમિનાથજીની માતાજીનું પાત્ર ભજવ્યું







શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરામાં તા.૧૪ ઓગસ્ટ રવિવારના પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કાર નિધિશ્રીજી મ.સા.ની નિશ્રામાં આયોજન કરાયેલ ૨૪ તિર્થંકર ભગવંતોની ૨૫ માતાઓના ધાર્મિક કાર્યક્રમમાં વડોદરા શહેરના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ, આયપીએસ ઓફિસર સુશ્રી પન્નાબેન નીતિન મોમાયા સાંયરાએ ભગવાન શ્રી નમિનાથજીની માતાનું પાત્ર ભજવેલ.

વ્યક્તિ કેટલો પણ ઉચ્ચ સ્થાને હોય પણ પોતાની ધર્મની આસ્થા, શ્રધ્ધાને માટે સંપૂર્ણ સમર્પિત રહે છે શ્રી પન્નાબેન મોમાયા જૈન ધર્મ પ્રત્યે ઊંડી આસ્થા ધરાવી સમયાંતરે ધર્મ તપ આરાધન, આયંબિલ સહ ભક્તિ કરતા રહે છે. સંઘના સૌએ તેમની ધર્મ પ્રત્યેની ઊંડી આસ્થા ભાવનાની પ્રશંસા કરી ખુશી વ્યક્ત કરી હતી.

---

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંજીવની કેસ નં.૮૪ માટે તત્કાળ રૂા.૬૬ હજાર જમા થતાં કેસ બંધ

Samast Mahajan, Sanjivani Initiative

KDO

## CASE No.: 84

## DONATION NEEDED!

**Mrs. Neelam Sanjay Chheda**

**Age: 51 - Jalgaon-Sujapur**

**Got Admitted for Medical Management of Pulmonary Tuberculosis and Drug Induced Hepatitis to prevent further complications.**




KDO SANJIVANI

**DONATION REQUIRED**

**Rs.66,000**

**Bank Details:**
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Bank of Baroda Branch : Mulund (West)
A/c.: 99630100021765
IFSC: BARB0DBMULW MICR : 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**
*Submit Aadhar & Pan card Copy.
In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ દ્વારા સંજીવની કેસ નં.૮૪ માટે રૂા.૬૬ હજાર મદદ માટે ક્રાઉડ ફંડિગ મદદ માટે અપીલ કરાઈ હતી. આ કેસના પેશન્ટ ૫૧ વર્ષીય શ્રીમતી નીલમબેન સંજય છેડા સુજાપર, જલગામ પ્લમોનરી ટ્યુબરક્યુલોસિસથી પીડિત છે. એનો સારવાર ખર્ચ રૂા.૬૬ હજાર અંદાજિત અપાયો.

તેઓ ગૃહિણી છે અને પતિ, પુત્ર સાથે રહે છે. તેમના પતિ જલગામમાં જ્વેલર્સ શોપમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે સર્વીસ કરે છે. પરિવારને નથી કોઈ વીમાનો કવચ કે નથી કોઈ મોટી બચત. આ વખતે આંશિક ખર્ચ માટે રૂા.૬૬ હજારની અરજી મેડિકલ સમક્ષ મૂકેલ હતી જે તાત્કાલિક ફંડિગ થઈ જતાં આ કેસ હાલે ક્લોઝ જાહેર કરાયેલ છે. આત્મીય દાતાઓની અઢળક અનુમોદના.

# મોમાયા અને ધરમશી પરિવારનું ગૌરવ







## Dr. Rani Momaya

DOB-14/08/1994
QUALIFICATION- M.S. OBSTETRICS AND GYANECOLOGY (Gold Medalist)
MBBS (Gold Medalist)
Currently Posted as Senior Resident at Govt. Medical College. Khandwa M.P

## Dr. Rushabh Momaya

DOB- 09/07/1992
Qualification – M.B.B.S (Gold Medalist)
Currently Residing at Race Course Road, Indore M.P

With Great Pride and honour, we share with you the achievements of our Son Dr. Rushabh Momaya, who has graduated MBBS(Gold medalist) with distinction and our Daughter Dr. Rani Momaya on doing masters in MS Obstetrics and Gynaecology (Gold medalist)

### :: YOUR WELLWISHER ::

**Father -** Shri Rajendra Momaya (Mayank Medical Stores, Sendhwa)
(President District Chemist Association, Barwani, M.P)
**Mother -** Smt. Nisha Momaya (Artist)
**Paternal Grand Father -** Late Shri Chimanlal Damji Momaya
**Paternal Grand Mother -** Late Shri Hirawanti Momaya
**Uncle -** Shri Leharchand Momaya (Jain Medical Stores,Sendhwa)
**Aunt -** Smt. Ketana Momaya
**Maternal Grand Father -** Late Shri. Gulabchand Dharamashi
**Maternal Grand Mother -** Late Smt. Jayaben Dharamashi
**Mama -** Late Shri. Jitendra Dharamashi
**Bua -** Pramlia Praful Meisheri (Aadinath Roadways, Mumbai)
Sunanda Nagda (Mumbai)

Add - Mayank Medical Store, Sadar Bazar, Sendhwa
Contact – 992608 9585, 96858 51500

# શ્રી અરિહંત કો-ઓપ બેંક લિમીટેડની ૧૧મી શાખાનો કામોઠે ખાતે ભવ્ય શુભારંભ થયો

શ્રી અરિહતં કો-ઓપ બેંક લિમિટેડ એ સમાજમાં સામાન્ય જનતાની સેવામાં વિવિધ બેંકિંગ ક્ષેત્રે પોતાનો વિસ્તાર કરીને ૩૯ વર્ષ પૂર્ણ કર્યા છે.

અરિહંત બેંકની ૧૧મી શાખાનું કામોઠે (પનવેલ) ખાતે શુભારંભ રવિવાર તા.૭ ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું. રાયગઢ જિલ્લાના કામોઠે વિસ્તારની અરિહંત બેંકનો શુભારંભ પનવેલના વિધાનસભ્ય પ્રશાંત ઠાકુરના હસ્તે રીબીન કાપીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગેસ્ટ ઓફ ઓનર તરીકે ભૂપેન્દ્ર શાહ (ભૂમિરાજ ગ્રુપ-ચેરમેન), રવિન્દ્ર જોશી (પ્રેસીડન્ટ-કામોઠે બીજેપી મંડળ), દીપક પટેલ (અક્ષર ગ્રુપ), ડો. અરૂણકુમાર ભગત (નગરસેવક-પનવેલ મ્યુનિસીપલ કોર્પોરેશન), ભીમેશ મહેતા (ક્વેલકોન રીયલ્ટી), વસતં ભદ્રા (ડાયરેકટર-પ્રતીક ગ્રુપ ઓફ કંપનીઝ), જુનિયર મહેમુદ સાહેબ (સીનીયર એક્ટર-ડાયરેક્ટર-પ્રોડ્યુસર) હાજર રહ્યા હતા.

શરૂઆતથી અરિહંત બેંક એ આ ક્ષેત્રે પોતાના ગ્રાહકોની સેવામાં હંમેશા પોતાનો ગ્રાફ ઉપર જ રાખ્યો છે અને હવે બેંક તેમના ગ્રાહકોને ડિજિટલી અપગ્રેડ કરી રહી છે.

અરિહંત બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની વિશેષતા એ છે કે, તે બધા કોઈપણ અપેક્ષા વગર સ્વેચ્છાએ સામાજિક જવાબદારી સમજીને કામ કરી રહ્યા છે. ખૂબ જ નાનો જૂથ હોવા છતાં તેમના દ્વારા અરિહંત બેંકના વિકાસમાં દર્શાવેલ વૃદ્ધિ નોંધપાત્ર છે.

બેંકે ૧૧૦૦૦ થી વધુ શેર ધારકો અને ૫૪૦૦૦ ખાતાધારકો સાથે આશરે ૫૦૦ કરાડે રૂપિયાનો મિશ્ર વ્યવસાય કર્યો છે જે ખૂબ સરાહનીય બાબત છે.

અરિહંત બેંકના ચેરમેન હિરાચંદ દંડ, વાઈસ ચેરમેન મુકેશ મૈશેરી, બ્રાન્ચ નોમીનેટેડ સીનીયર ડાયરેકટર ગુલાબ શાહ (ધરમશી), સીઈઓ અશોક સાવલકર તથા બ્રાન્ચ મેનેજર સંદીપ ખારમલેએ કામોઠેમાં અરિહંત બેંકની રાયગઢ જિલ્લામાં તેમની ૧લી શાખાના શુભારંભ પ્રસંગે જાહેર જનતાને શ્રી અરિહંત કો-ઓપ બેંક સાથે જોડાવવા આવ્હાન કર્યું હતું.

# ઘાટકોપર સંઘના શ્રી જીરાવલ્લા દરબારમાં ૧૦૮ ભાગ્યશાળી વ્રતધારીઓની વિવિધ પ્રકારે અનુમોદના ભક્તિ કરાઈ

શ્રી ઘાટકોપર સંઘના શ્રી જીરાવલ્લા દાદાના દરબારમાં પ્રશમ રસનિધિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી મહોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના શ્રીમુખે ચૌમુખ પ્રભુજી સમક્ષ વિધિપૂર્વક ૧૨ વ્રત, ચર્તુથ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરેલ તથા ભવોભવના પુદ્ગલ વોસીરાવવાની વિધિ કરેલ તપસ્વીઓની આયંબિલ, એકાસણા તેમજ પ્રભાવના દ્વારા શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા અનુમોદના ભક્તિ કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન તથા વ્યવસ્થા ઉત્સાહી યુવા જતીનભાઈ છેડા અને તેમની ટીમ દ્વારા ભાવપૂર્વક કરવામાં આવેલ. આ પુરા કાર્યક્રમનો ૩.૧૨ કલાકનો યુટ્યુબ વીડિયો લીંક https://youtu.be/kVhM3czphY8 ઉપર ક્લિક કરવાથી ઘર બેઠા અદ્ભૂત રીતે માણી શકાસે, લાભ લઈ શકાશે.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મુલુંડ (પૂર્વ) સંઘમાં ધર્મચક્ર અનુષ્ઠાન સાથે પૂજા ભણાવવામાં આવી

તા.૧૪ ઓગસ્ટ રવિવારના દિને શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ પૂર્વમાં પ.પૂ.સાધ્વીશ્રી કીર્તનગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી તત્વાર્થ ગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે ધર્મચક્ર અનુષ્ઠાન સાથે ધર્મ ચક્રની પૂજા ભણાવામાં આવી. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહ સાથે જોડાઈ ધર્મ લાભ લીધો હતો.





# અચલગચ્છાધિપતિ મ.સા.ના વંદન દર્શનાર્થે જૈન શ્રેષ્ઠી પધાર્યા



તા.૧૮ ઓગસ્ટ ગુરૂવારના દિને પાલીતાણા મહાતીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસારસૂરિશ્વરજી મ.સા.ના વંદન, દર્શનાર્થે આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ શાહ અને ટ્રસ્ટ મંડળના સહયોગી પધારેલ હતા. પૂજ્ય સાહેબના આશીષ પામી ધન્ય થયા હતા. આ નિમિત્તે જૈન શ્રેષ્ઠી મંડળના સૌ સભ્યો એ પાલીતાણા તીર્થે જૈન ધર્મ વિષે મહારાજા સાહેબ સાથે વિચારવિમર્શ કર્યો હતો.

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા સર્વોદય સંપદા પ્રોજેક્ટ દ્વારા સેવા કાર્ય કરાયું

તા.૨૩ જુલાઈના રોજ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા સર્વોદય સંપદા પ્રોજેક્ટ અંતર્ગત લોકો દ્વારા ડોનેશન કરાયેલી રોજબરોજ માટેની જરૂરિયાત જેવી કે કપડા રમકડાં, ચપ્પલ, બૂટ ઈત્યાદિ એકત્ર કરી દાદર સ્થિત સંત ગાડગે કેન્સર ધર્મશાળામાં મોકલવામાં આવી હતી. જેથી જરૂરિયાતવાળા તેનો યોગ્ય ઉપયોગ કરી શકે.

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા બચતની જરૂરિયાત ઉપર સેમિનાર યોજાયો

તા.૨૯ જુલાઈના દિને શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા 'મન કી બાત-૨ રાજેન્દ્ર ધુલ્લા કે સાથ' એ શિર્ષક હેઠળ Money Saved is Money Earned ટોપિક ઉપર ફાઈનાન્સ પ્લાનર એડવાઈઝર રાજેન્દ્ર ધુલ્લાએ બચતનું મહત્વ અને ભવિષ્યની જરૂરિયાતો માટે અત્યારથી જ કેવી રીતે બચત કરી શકાય એ સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમ ખૂબજ માહિતી સભર રહ્યો હતો. સારી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહીને નાણા બચત અને મુડી રોકાણ વિષે ઉપયોગી જ્ઞાન મેળવ્યું હતું.

# કુણાલ ડાઘા દ્વારા નેશનલ સ્કોલરશીપ ફોર્મ ભરવા માટેનું જ્ઞાન મેળવવાનો ઓનલાઈન માર્ગદર્શન માટેની બે વીડીયો લિન્ક

પ્રધાનમંત્રી યશસ્વી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ઉપર ઓનલાઈન ફોર્મ કેવી રીતે ભરવું તેનું પધ્ધતીસર જ્ઞાન સમજણ આપવા અને પોઈન્ટ ટુ પોઈન્ટ ડિટેલ સહિત શિક્ષણ નિષ્ણાત પ્રોફેસર કુણાલ ડાઘા દ્વારા વીડીયો લિંક https://youtu.be/XikewIFoo-w ઉપર ક્લિક કરી માહિતી જાણી લેવી આ માહિતી વિદ્યાર્થીઓને ઉપયોગી થશે અને સરળતાથી ફોર્મ ભરી ઓથોરિટીને સબ્મીટ કરી શકશે.

તે ઉપરાંત રીન્યુલ એપ્લીકેશન કેવી રીતે કંઈ રીતે ભરવી તેની માહિતી આપતો ૫.૩૬ મિનીટનો યુટ્યુબ વીડીયો લિન્ક https://youtu.be/U_21IhBjzek ઉપર જોઈ શકાશે.

# શ્રી ક.દ.ઓ. મહાજન જલગામના નવા કાર્ય પદાધિકારીઓ જાહેર કરાયા



ખાનદેશ વિભાગના મુખ્ય મથક જલગામ સ્થિત શ્રી ક.દ.ઓ. મહાજનની આગામી ટર્મ માટે નવા કાર્ય પદાધિકારીઓની વરણી કરાઈ. જેમાં પ્રમુખ તરીકે અશોકભાઈ લાલજી પોલડીયા ગોએરસમા, ઉપપ્રમુખ પદે ભાવેશભાઈ ધનપતિ મોમાયા બારોઈ, મંત્રી પદે શિલ્પાબેન કલ્પેશ છેડા જશાપર, ખજાનચી પદે ચેતનાબેન હિતેશ મોમાયા જખૌ, કારોબારી સભ્યો તરીકે શ્રીમતી મંજુલાબેન મુકેશ ઓસવાલ સાંયરા, પંકજભાઈ કાંતિલાલ મોમાયા બારોઈ, શ્રેયસ (રાજુભાઈ) જયચંદ મૈશેરી લાલા, નિખિલભાઈ વિજય મૈશેરી જખૌ, મિતેશભાઈ પ્રવીણ કકેણી સાંધાણ, કૌશલભાઈ ભરત લોડાયા બારોઈ, જિનેશભાઈ ધનરાજ મોતા સુથરી, સલાહકાર સમિતિમાં દિનેશભાઈ કાંતિલાલ (કુલીનકાંત) લોડાયા બારોઈ, નીતિનભાઈ વર્ધમાન લોડાયા કોઠારા, કેતનભાઈ લક્ષ્મીચંદ નાગડા સાંધવ અને કલ્પેશભાઈ માણેકજી છેડા (જશાપર) વરાયા છે.

જલગામ મહાજનની કારોબારીના નવનિયુક્ત સૌ પદાધિકારીઓને નવી નિમંણુક માટે અભિનંદન અને તેમના કાર્યકાળ દરમ્યાન જ્ઞાતિ સમાજના ઉત્કૃષ્ટ કાર્યો અવિરત થતા રહે એજ શુભેચ્છા.

# તેરા તીર્થે શ્રી સીમંધર સ્વામી ભગવાનની ભાવયાત્રા કરવામાં આવી







તા.૧૫ ઓગસ્ટ સોમવારના દિને કચ્છ વિભાગના અબડાસા પ્રાંતના ઐતિહાસિક તેરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી જય ધર્માશ્રીજી મ.સા.ની નિશ્રામાંમહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધર સ્વામી ભગવાનની ભાવયાત્રા અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે કરવામાં આવી હતી.

# ખામગામમાં આઝાદીના અમૃત વર્ષ અવસરે ધ્વજારોહણ કરાયું




ખામગામમાં શ્રીમતી સરોજબેન દામજીભાઈ વિકમશી ધ્યાનપીઠ શાળામાં રાષ્ટ્રના ૭૫મા આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે શ્રીમતી સ્મિતાબેન અનિલભાઈ વિકમશી દ્વારા ધ્વજારોહણ કરાયું. શાળાની સ્થાપના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને જાણીતા સમાજસેવક સ્વ. અનિલભાઈ દામજી વિકમશી દ્વારા કરાઈ છે. જેઓ માત્ર જ્ઞાતિ માટે જ નહીં સમસ્ત સમાજ માટે સમર્પિત ભાવથી ઉપયોગી કામ કર્યા છે. સદર શાળા વિદર્ભ ક્ષેત્રની અભ્યાસમાં અવલ નંબરની સ્કૂલ ગણાય છે.

# માટુંગા સંઘના સહસ્ત્રફણા પાર્શ્વનાથ દાદા જિનાલયે સ્વતંત્રતા દિને અદ્‌ભૂત લાઈટીંગ કરાઈ



સમગ્ર દેશમાં ૭૬મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનો ઉત્સાહ રહ્યો હતો. આ વર્ષે આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થયા. જેને માટે અમૃત મહોત્સવની ઉજવણી કરાઈ.

આ અવસરે માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના સહસ્ત્રફણા પાર્શ્વનાથ દાદા જિનાલયના સંકુલ અને પરિસરમાં ભવ્ય રીતે અદ્‌ભૂત કલર ફૂલ લાઈટ ડેકોરેશન કરાયું હતું.



# થાણા નગરના શ્રી ઋષભ અજિત ભક્તામર જિનાલયે લબ્ધિ નિધાન તપનું ઉદ્યાપન કરાયું

મુંબઈ પરિસરના સમીપના થાણા નગરના શ્રી ઋષભ અજિત ભક્તામર જિનાલયે શ્રી ગૌતમસ્વામી લબ્ધિ નિધાન તપનું ઉદ્યાપન ગણિવર્ય શ્રી ધર્મ સાગરજી મ.સા.ની નિશ્રામાં અદ્ભૂત ભાવ ઉમંગ સાથે કરવામાં આવ્યું.





# ડુમરા સંઘમાં ૪૫ આગમ પૂજન અંતર્ગત ૨૩ અંગના પ્રથમ ભાગની ધર્મ આરાધનાઓ થઈ







ડુમરા ગામે પ.પૂ.સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ૪૫ આગમ પૂજા અંતર્ગત ૨૩ અંગનો પ્રથમ ભાગની ધર્મ આરાધનો સંઘના શ્રાવક શ્રાવિકાઓની સંગાથે વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા સથવારે ભવ્ય રીતે થઈ.


# ભાવભીની શ્રદ્ધાંજલિ



હેમંત માયાં
તા.૧૪ ઓગસ્ટ (ઉ.૬૩)
નાગ્રેચા-જલગામ



મીના નાગડા
તા. ૧૫ ઓગસ્ટ (ઉ.૫૨)
કોટડા-રોહા-નાલાસોપારા



દિનેશ લાલકા
તા.૧૬ ઓગસ્ટ (ઉ.૭૦)
લાલા-મુલુંડ




પરેશ સોની
તા.૧૮ ઓગસ્ટ (ઉ.૪૯)
સુથરી-દહિસર




વિજય ધરમશી
તા.૧૯ ઓગસ્ટ (ઉ.૬૭)
સુથરી-મુલુંડ





કાંતિલાલ નાગડા
તા.૧૯ ઓગસ્ટ (ઉ.૬૬)
તેરા-ગાંધીધામ



હીરાચંદ લોડાયા
તા. ૧૯ ઓગસ્ટ (ઉ.૭૮)
સાંયરા-નાંદેડ



વિજયા નાગડા
તા.૧૯ ઓગસ્ટ (ઉ.૭૦)
જખૌ-હૈદ્રાબાદ



ઉદ્વિકા નાગડા
તા.૧૦ ઓગસ્ટ (૧૮ દિવસ)
સાંધાણ-ડોંબિવલી (પૂ)



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● સક્સેસ ચેસ એકેડમી દ્વારા યોજાયેલી ઓપન કચ્છ ચેસ સ્પર્ધામાં ૭૦ થી વધારે ખેલાડી વચ્ચે મુકાબલો જામ્યો હતો. જેમાં પશ્ચિમ કચ્છ પોલીસના આસિસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંજય વેલજીભાઈ દાવડા છ રાઉન્ડમાં એક પણ રાઉન્ડ હાર્યા વગર ૩૨મી વાર ચેમ્પિયન થયાં હતા. ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધામાં સતત ત્રણ સ્પર્ધામાં વિજેતા બની હેટ્રિક કરી હતી. પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસવડા સૌરભ સિંઘ, નાયબ પોલીસ વડા જે.એમ.પંચાલ, રિઝર્વ પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. રાતળા, મેજર નવલજી કલાજી મોડિયા સહિત અધિકારીઓએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

● ભુજ તાલુકાના અને કચ્છી પ્રિન્ટ અજરખ સાથે જોડાયેલા અને અજરખ પ્રિન્ટના જ્યાં ખત્રી કારીગરો વસે છે તે અજરખપુર ગામ ભૂકંપ બાદ કચ્છી અજરખ થકી ખત્રીઓને નામના મળી તેથી મોટેરાઓએ ગામનું ના અજરખપુર રાખ્યું. પરંપરાગત અને યુવા કારીગરો એ અજરખની અલગ અલગ થીમ તૈયાર કરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ એવોર્ડો મેળવીને ગામને નામના અપાવી સાથે સાથે વિશ્વ પ્રવાસન સાથે અજરખપુર ભુજ તાલુકાનું એક ધમધમતું ગામ બન્યું. લોકડાઉન દરમ્યાન શાળાના યુનિફોર્મ અંગે શાળા વ્યવસ્થાપન સમિતિના ઉપાધ્યક્ષ ખત્રી નાશિર મામદને વિચાર આવ્યો કે શાળાના વિદ્યાર્થીઓ માટે આપણે એવા યુનિફોર્મ પસંદ કરીએ કે જેમાં ગામની ઓળખ એવી અજરખ ડિઝાઈનની પરંપરાગત છબી હોય. આમ નક્કી કરેલ કાપડ પર અજરખની ડિઝાઈન વાળું કાપડ જથ્થામાં છપાવીને વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ યુનિફોર્મ વાલીઓએ વેકેશન દરમ્યાન સીવડાવી લીધા હતા. આમ ધોરણ ૧થી ૮ના ૧૬૦ વિદ્યાર્થીઓએ ધી અજરખ સ્કૂલ યુનિફોર્મને પ્રવેશોત્સવમાં જ પહેરીને શિક્ષણના ઉત્સવને વધાવ્યો હતો.

● ગાંધીધામ સંકુલમાં નવું શૈક્ષણિક ચાલુ થતા તમામ શાળાઓ, કોલેજો નિયમિત રીતે ખુલ્લી ગઈ છે. ત્યારે આ સંકુલમાં શાળા, કોલેજોની આસપાસ રોમિયો તત્વો ધામા નાખીને બેઠા રહે છે. આવા તત્વોને કાયદાનો પાઠ ભણાવવા પોલીસ વડા દ્વારા 'શી' ટીમ બનાવવામાં આવી છે. જે દરકે શાળા, કોલેજની આસપાસ પેટ્રોલિંગ ચાલુ કર્યું છે. ધૂમ સ્ટાઈલથી બાઈક હંકારતા, પોતાના વાહનોમાં ફટાકડા ફોડી વિદ્યાર્થીનીઓને હેરાન કરતાં અને હીરોગીરી જમાવતા આવા યુવકોને ઝબ્બે કરવા અને લુખ્ખા તત્વોને ધાક બેસાડવા આ 'શી' ટીમ કારગત નીવડી છે.

● પ્રતિભાશાળી કચ્છી બાળક જૈઅલ સંદીપ શાહ જે આદિત્ય બિરલા વર્લ્ડ એકેડેમી તાડદેવમાં સાતમા ધોરણમાં અભ્યાસ કરે છે. ૧૨ વર્ષીય આ બાળક ૧૫૦થી વધુ ચેસ સ્પર્ધાઓ જીતી છે. તેને ગ્લોબલ માઈલ્ડ પ્રોડિગ્રી એવોર્ડ પણ મળ્યો છે. મૂળ તલવાળા, તાલુકા માંડવી અને પરેલમાં રહેતા કિંજલ સંદીપ શાહના પુત્રએ હાલમાં બ્રેવો ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ઈન્ડિયાસ મોસ્ટ એક્સેપ્શનલ ચાઈલ્ડ ૨૦૨૨ તરીકે માનભર્યું સ્થાન મળ્યું છે.

● ભુજની સડકો પર અન્ય વાહનોની સાથે પીળા નંબર પ્લેટ સાથે દોડતા દ્વિચકી વાહન એટલે સ્કૂટર ટેક્સીની ૨૩ નોંધણી થઈ છે. જેમ રિક્ષા કે અન્ય પરિવહન ભાડે કરી એ એજ રીતે આ પ્રકારના દ્વિચક્રી વાહન ભાડે કરીને ઉપયોગમાં લેવાય છે. વિદેશમાં આવી બાઈક ટેક્સી દોડતી હોય એ દ્રશ્યો સામાન્ય છે. પરંતુ ભુજમાં આ પ્રકારે પીળા કલરની નંબર પ્લેટ સાથે પરિવહનની સેવા આપતા સ્કૂટર બાઈકથી નજીકના ભવિષ્યમાં પરિવહનનો નવો યુગ આરંભાય એવા એંધાણ મળી રહ્યાં છે.

● વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ના ગુજરાત હાથ સાળ અને હસ્તકળા ક્ષેત્રે વિશેષ ૨૨ એવોર્ડ જાહેર થયા જેમાં સૌથી વધુ તક એવોર્ડ કચ્છના હસ્તકલાના કારીગરોએ મેળવી રાજ્ય સ્તરે જિલ્લાનો ડંકો વગાડ્યો છે. ટેક્સટાઈલ, ભરતકામ, મોતીકામ તેમજ અન્ય લુપ્ત થતી કલાકે છે માટે એવોર્ડની જાહેરાતમાં મહિલાઓ માટેના ટેક્સટાઈલ કેટેગરીમાં ટાયડાઈ બાંધણી માટે ધમડકાના ખત્રી સાબેરાબેન મજીદભાઈને મળ્યો.

● રાજ્યના સંગ્રહાલય અને પુરાત્વ વિભાગ દ્વારા કચ્છ મ્યુઝિયમની સ્થાપના ૧૪૫ વર્ષ પૂર્ણ થતાં વિવિધ કાર્યક્રમ યોજાયા. જેમાં રંગોલી સ્પર્ધામાં ભારતીય તહેવારો, નૃત્ય તથા પોર્ટ્રેટ થીમ પર ૪૦ સ્પર્ધકો ભાગ લીધો હતો. કચ્છ મ્યુઝિમના ક્યુરેટર ડૉ.શેફાલિકા અવસ્થીએ આયોજન સંભાળ્યું હતુ.



Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS



# RHD UNNATI LOAN
# INTEREST FREE

Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)